# પૂરક નોંધ

પશ્ચિમ રેલવેનું વડુ મથક અમદાવાદ ખાતે ખસેડવા અંગે છેલ્લે તા.૪/૧/૨૦૨૦ ના પત્રથી પશ્ચિમ રેલ્વેની અમદાવાદ ખાતે સક્ષમ ઓથોરીટી સ્થાપવા માંગણી કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા તા.૧૮/૪/૨૦૨૨ ના રોજ પુનઃ દરખાસ્ત કરવામાં આવેલ છે.

ગુજરાત વિધાનસભા નિયમ-૭૮ (૧૬) મુજબ રાજ્ય સરકારને પ્રથમતઃ જવાબદાર ન હોય તેવી સંસ્થાઓ કે વ્યક્તિઓના નિયંત્રણ હેઠળની બાબતો તેમાં ઉપસ્થિત કરવી જોઇએ નહી. તેમજ વિધાનસભાના નિયમ-૭૯ ને ધ્યાને લેતા જે બાબતો અંગે રાજ્ય સરકારને બીજી સરકાર સાથે ચર્ચા કે પત્રવ્યવહાર ચાલતા હોય કે ચાલ્યા હોય તેવી બાબતોમાં ચર્ચા કે પત્ર વ્યવહારની વિગતો પુછી શકાશે નહી પરંતુ અમુક બાબતમાં ચર્ચા કે પત્રવ્યવહાર થયા હતા કે નહિ તે જાણવા પ્રશ્ન પુછી શકાશે અને તેના જવાબમાં તે બાબત પર ચર્ચા કે પત્રવ્યવહાર થયા હતા કે કેમ એટલુ જ માત્ર જણાવવામાં આવશે. તે જોતા આ તારાંકિત પ્રશ્નમાં ચર્ચાને અવકાશ નથી.